


## ૫. કાચા નાળિયેર ખરી પડવા અંગે વિશેષ માહિતી : પ્રીમેચ્યુર ફ્રુટ ડ્રોપીન્ગ

સામાન્ય રીતે નાળિયેરનો પુષ્પ વિન્યાસ ખુલ્યાં બાદ એક માસે માદા ફૂલોનું ફલિનીકરણ થતું હોય છે. ફલિનિકરણ ક્રિયા પૂર્ણ થયા બાદ ૨ માસ દરમ્યાન મોટા ભાગના બટનો (ફલિનીકરણ ન થયેલા) ખરી પડે છે જેને ખેડૂતો નાળિયેર ખરી પડે છે તેવું માને છે.પરંતુ નાળિયેરનો વિકાસ થયાં પછી નાળિયેર ખરે છે તે જ સાચા નાળિયેર છે.

નાળિયેરીમાં આ એક જૂનો ગંભીર પ્રશ્ન છે. આના માટે ઘણા પરિબળો જવાબદાર છે. જે નીચે પ્રમાણે છે.

**(ક) ઝાડની ઉંમર :**

ઝાડની ફળ આવવાની શરુઆતના વર્ષોમાંથી પોષણ લેવાની ક્ષમતા મર્યાદિત હોય ફાલ ઓછો મળે છે અને મોટા ભાગના બટનો ખરી પડે છે. ભલામણ મુજબ માવજતો જાળવી રાખવાથી ફળ ખરણ ઓછું થાય છે.

**(ખ) પાણીની અનિયમિતતા :**

જમીનમાં ઓછો કે વધારે ભેજ જો હોય તો ફળનું ખરણ વધારે થાય છે. સતત ખામણા ભીના રાખવામાં આવે તો ઝાડના મૂળ હવા અને પોષણતત્વો જમીનમાંથી લઇ શકતા નથી અને આ પ્રશ્ન જોવા મળે છે.

**(ગ) વાવેતરનું અંતર :**

ઘણીવાર ઘાટુ વાવેતર કરવાથી ફાલ મોડો આવવો. ફળનું ખરણ વગેરે પ્રશ્નો જોવા મળે છે. આવા કિસ્સામાં ભલામણ મુજબનું વાવેતર અંતર રાખવું.

**(ઘ) પોષકતત્વોનો અભાવ :**

ભલામણ મુજબ ખાતરનો જથ્થો આપવો જોઇએ અને વર્ષમાં નાળિયેરીનાં ઝાડને બે વખત સમયસર ખાતર આપવું જોઇએ.સુક્ષ્મ તત્વ જેમકે બોરોનની ઉણપ થી પણ કાચા ફળો ખરી જતાં હોય છે. આમ થતું અટકાવવા માટે સુક્ષ્મ તત્વોનો છંટકાવ તાત્કાલિક કરવો.

ફૂલ કોતરો (પુષ્પ વિન્યાસ) ખુલ્યા બાદ એક માસ પછી ૨. ૪ ડી દવા ૨૦ પી.પી.એમ. દ્રાવણનો કોતરા ઉપર છંટકાવ અઠવાડિયાના ગાળે ચાર વખત કરવો.

**નોંધ :** પ્રથમ ૨,૪—ડી ને થોડા આલ્કોહોલમાં ઓગળી દ્રાવણ તૈયાર કરી ૧ લિટર પાણીમાં આ દ્રાવણ ઉમેરી દેવું.

**(ચ) હવામાન :**

જો અનુકૂળ હવામાન ન હોય તો કાચા ફળ ક્રરી પડે છે. સતત ગરમી અને ઠંડી પાકમાં ફલિનીકરણ પર અસર કરે છે અને માદા ફૂલો ક્રરી પડે છે. આના માટે ઉનાળામાં પણ ખૂટતાં પ્રમાણમાં નિયમિત પાણી આપવું.

**(છ) રોગ-જીવાત :**

ઘણીવાર વધારે બગીચામાં પાણી આપવાથી અથવા તો ચોમાસામાં રોગ-જીવાત વધવાથી આ સમસ્યા જોવા મળે છે. મોટાભાગના રોગો ફૂગથી થાય છે જ્યારે જીવાતમાં કાળા માથાની ઇયળ. સફેદ ઘૈણ અને ઉંદર મુખ્ય છે. આમને લીધે ફળખરણ થાય છે. રોગ-જીવાત નિયંત્રણ માટે જો ભલામણ મુજબ દવા છાંટવામાં આવે તો ફળખરણ ઘટાડી શકાય.

**(જ) આનુવંશિક નબળા છોડ :**

ઘણીવાર આપણે બગીચામાં પૂરતી કાળજી રાખતા હોય. રોગ-જીવાતનું નિયંત્રણ કરતાં હોય તેમ છતાં આ પ્રશ્નો જોવા મળે છે તો આવા ઝાડ આનુવંશિક નબળા ગુણ ધરાવતા હોય તો તેવા ઝાડને દૂર કરી નવા રોપાનું વાવેતર કરવું જોઇએ.